# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA

Website : www.spuvvn.edu Phone : 91-02692- 226807


## પરિપત્ર

યુનિવર્સિટી પીએચ.ડી. પ્રવેશ ૨૦૨૪-૨૦૨૫ (પ્રથમ સત્ર) બાબતે સંબંધકર્તા તમામ અરજદારને આથી જણાવવાનું કે GCAS Portal ઉપર **gcas.gujgov.edu.in** દ્વારા પીએચ.ડી. પ્રવેશ ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૧૦-૧૦-૨૦૨૪ હતી. જે બાબતે વિદ્યાર્થીઓનાં હિતને ધ્યાને લઈ પીએચ.ડી. પ્રવેશ ફોર્મ ભરવા અંગેની તારીખ વધારવામાં આવેલ છે જેથી પીએચ.ડી. પ્રવેશવાંચ્છુ અરજદારે નીચે મુજબ પીએચ.ડી. પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી કરવાની થાય.

૧) જે અરજદાર દ્વારા તારીખ ૧૦-૧૦-૨૦૨૪ સુધીમાં પીએચ.ડી. પ્રવેશ ફોર્મ ભરાયેલ છે અને યુનિવર્સિટી હેલ્પ સેન્ટર ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવેલ નથી તેવા વિદ્યાર્થીઓ તા.:૧૪-૧૦-૨૦૨૪નાં રોજ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં રૂમ નં ૧૧૮,એકેડેમિક વિભાગ,સરદાર પટેલ યુનિર્સિટી ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવી શકશે.(જાહેર રજાનાં દિવસે સદર કાર્યવાહી થઈ શકશે નહિં જેની નોંધ લેવી.)

૨) જે અરજદારે હજુ સુધી પીએચ.ડી. પ્રવેશ ફોર્મ ભરવા અંગેની કાર્યવાહી કરેલ નથી તેવા અરજદાર તા.: ૧૩-૧૦-૨૦૨૪ સુધી તેઓનું પીએચ.ડી. પ્રવેશ ફોર્મ GCAS Portal ઉપર **gcas.gujgov.edu.in** દ્વારા ભરી શકશે. આ અંગેઅરજદારે યુનિવર્સિટી વેબસાઈટ **www.spuvvn.edu/ students_corner/admissions/Ph.D.**ઉપર પીએચ.ડી. પ્રવેશ ૨૦૨૪-૨૫ (પ્રથમ સત્ર)ની પ્રવેશ કાર્યવાહી અર્થે જણાવેલ તમામ બાબતોની નોંધ લઈ કાર્યવાહી કરવાની રહેશે.

૩) તા.:૧૩-૧૦-૨૦૨૪ સુધી જે અરજદારે પીએચ.ડી.પ્રવેશ ફોર્મ ભરેલ છે તેવા તમામ કેટેગરી માટેનાં પ્રવેશ ફોર્મનું વેરીફીકેશન તા.:૧૪-૧૦-૨૦૨૪નાં રોજ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં રૂમનં ૧૧૮,એકેડેમિક વિભાગ,સરદાર પટેલ યુનિર્સિટી ખાતે તમામ અસલ તેમજ નકલ દસ્તાવેજો સહિત ફરજીયાત પણે કરાવવાનું રહેશે. (જાહેર રજાનાં દિવસે સદર કાર્યવાહી થઈ શકશે નહિં જેની નોંધ લેવી.)

૪) જે અરજદારે સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે Entrance Test આપવાની હોય તેઓએ રૂમનં ૧૧૮,એકેડેમિક વિભાગ, સરદાર પટેલ યુનિર્સિટી ખાતે જરૂરી અસલ દસ્તાવેજોની ચકાસણી કરાવી Entrance Test અંગેની જરૂરી ફી ભરવાની રહેશે ત્યારબાદ ઓનલાઈન ભરેલ પ્રવેશ ફોર્મ અને ફી રશીદ યુનિવર્સિટી હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવી પ્રવેશ ફોર્મ જમા કરાવ્યા અંગેની રશીદ મેળવી લેવી જરૂરી અને ફરજીયાત છે.

૫) **OTG** અરજદાર GCAS Portal ઉપર **gcas.gujgov.edu.in** દ્વારા પ્રવેશ ફોર્મ ઈચ્છે તો તેઓ આ પ્રવેશ ફોર્મ ભરી તા.:૧૪-૧૦-૨૦૨૪ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં જરૂરી દસ્તાવેજો સહિત યુનિવર્સિટીને ટપાલ દ્વારા મળી રહે તે રીતે મોકલવાનું રહેશે.

૬) વધુ માહિતી માટે અરજદારે યુનિવર્સિટી વેબસાઈટ **www.spuvvn.edu/ students_corner/admis sions /Ph.D.** ઉપર દર્શાવેલ માહિતી પુસ્તિકા (**Prospectus**)નો અભ્યાસ કરી કાર્યવાહી કરવાની રહેશે.

જો અરજદાર દ્વારા સદર પ્રક્રિયા સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં નહિં આવે તો તેવા સંજોગોમાં તેઓનું પ્રવેશ ફોર્મ રદ ગણવામાં આવશે તેમજ આ અંગે કોઈ પણ પ્રકારનો પત્ર વ્યવહાર કે અન્ય માધ્યમ દ્વારા તેઓને જાણ કરવામાં આવશે નહિં જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

નંબર : ડી/ઈ/૧૦/૭૩૧૯
તારીખઃ ૧૧-૧૦-૨૦૨૪
વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

**નકલ સવિનય રવાના :**

કા. નિયામકશ્રી, જી.એચ.પટેલ કમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ આગળની ઘટિત કાર્યવાહી અર્થે.